બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com


# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ


જૂન – ૨૦૨૩ | વર્ષઃ ૫૯

વર્ષ : જાન્યુઆરી થી ડીસેમ્બર | વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫




આ ટીમટીમ કરતો તારો,
કઈક કહે છે કરી ઈશારો,
લાગે કશેક એ મુંજાણો,
મથે એકલો,શોધવા તાળો,

દિવસ આખો, કરે વિચારો,
રાત જાગી, કરે ઉજાગરો,
અંધારાને, અજવાળાના,
આ ભેદ ખોળવા બીચારો,

કૈંક, જગમગતા આખી રાતો,
કોઈ નાનો તો કોઈ મોટો,
સચમાં ના કોઈ નાનું મોટું,
જો થાય આ દૂ...ર અંધારું,
ટીમટીમતો તારો કહે-
જ્ઞાન જ, તેજોમય અજવાળું.

-રાસવિહારી વૈષ્ણવ, 'મોરપીંછ'
રાજકોટ.

ક્યારે સમય પડખું ફરે,નક્કી નથી !
શું બાદ શું વત્તા કરે, નક્કી નથી !
મારા ય ઘરની ભીત ક્યાં નક્કર હતી?
પોલાણ ક્યારે વિસ્તરે, નક્કી નથી !
ભરતી અમસ્તી જોખમી છે ઓટથી ?
શું ડૂબશે ને શું તરે, નક્કી નથી !
હું તો કહું છું–જિંદગી ચોપાટ છે
કઈ સોગઠી ક્યારે મરે, નક્કી નથી !
ઉડાણ ઓછું ક્યાં હતું આ આંખનું ?
ત્યાં કોણ ઉંડું ઉતરે, નક્કી નથી !
શ્રદ્ધા ભળે તો થઈ શકે ઈશ્વર,છતાં
પથ્થર તરીકે શું કરે, નક્કી નથી !
સીધા જ રસ્તા હોય એવું ક્યાં હતું ?
પણ ક્યાં વળાંકે છેતરે, નક્કી નથી !
સીધા જ રસ્તા હોય એવું ક્યાં હતું ?
પણ ક્યા વળાંકે છેતરે, નક્કી નથી !
ટોળે વળી છે સામટી ઈચ્છા,હવે
સર્જન–વિસર્જન શું કરે,નક્કી નથી !
પ્રશ્નાર્થ બનતા જાય છે ઉત્તર, સહજ
કઈ ધારણા ખોટી ઠરે, નક્કી નથી !
–ડો. મહેશ રાવલ.

મધરાત વિત્યા પછી
શહેરમાં પાંચ પૂતળાં
એક ચોરા પર બેઠાં
અને આંસુ સારવા લાગ્યાં
જ્યોતિબા બોલ્યા,
છેવટે હું થયો
ફકત માળીનો,
શિવાજીરાવ બોલ્યા,
હું ફકત મરાઠાનો.
આંબેડકર બોલ્યા,
હું ફકત બૌદ્ધોનો,
ટિળક ઉદગાર્યા,
હું ફકત ચિત્પાવન બ્રાહ્મણોનો.
ગાંધીએ ગળાનો ડૂમો સંભાળી લીધો
અને તે બોલ્યા,
તોયે નસીબદાર
એક એક જાતજમાતમાં તો
તમારી પાછળ છે.
મારી પાછળ તો
ફક્ત સરકારી દીવાલો !
–કુસુમારાજ (અનુ.જયા મહેતા
(કાવ્યો સૌ.મેહુલ ભટ્ટ,અમદાવાદ.)

## તો જીંદગી તર્યા

સારા કુળની કૂખે અવતર્યા,
બચપણના દિન સુખમાં સર્યા.
માતા-પિતા એ લાડ ખુબ કર્યા,
જીજ્ઞાસુ થઇ સંસ્કારો ભર્યા.
ગુરુ-ચરણે પોતાને ધર્યા,
તેમણે ચીંધેલા માર્ગ અનુસર્યા.
શિક્ષણના પાઠો મન ભર્યા,
મનમાં શુદ્ધ વિચારો ઝર્યા.
સંસ્કારી પાત્ર ને વર્યા,
દેશ-વિદેશ જીજ્ઞાસુ થઇ ફર્યા.
દીન-દુ:ખી ના દુ:ખોને હર્યા,
સત્ ના મારગ થી ના ડર્યા.
નિયમિત રહી કરી દિનચર્યા,
કામ ક્રોધ લોભ મોહ ખર્યા.
વડિલોની સલાહ અનુસર્યા,
તેમની કસોટીએ ખરા ઉતર્યા.
અંતિમ સમયે પ્રભુને સ્મર્યા,
આટલું થયું તો જીંદગી તર્યા.
--ડો. જયદીપ અંતાણી

## 'બરછી'ના આગલા અંકના અવલોકનો:

વાંચકોનો વાંચનરસ વધે,અમને લેખકો–કવિઓને પ્રોત્સાહન સાથે કૃતિ પસંદ–નાપસંદનો ખ્યાલ આવે તે હેતુથી આવતા માસથી આ એક નવો ખુલ્લો વિભાગ શરૂ કરી રહયા છીએ.જેમાં આગલા અંકના ટાઈટલ,લેખ,કાવ્યો, સમાચારો, અહેવાલો વગેરે દરેક વિશે વાંચકો તરફથી મળેલાં અવલોકન પ્રકાશિત કરવામાં આવશે. ગમાઅણગમા સાથેના તટસ્થ અવલોકન લખી મોકલવા ઇજન છે.મનથી સ્વસ્થ રહેવા,વિચારો...અને ચલાવો કલમ–તંત્રી

## નિશ્ચલ બુચને ટાટા એ.આઇ.માં 'એસો. વાઈસ પ્રેસિડેન્ટ' તરીકે બઢતી



અમદાવાદ સ્થિત શ્રી નિશ્ચલ રૂદ્રેશભાઈ બુચે ટાટા એ.આઇ. ઈન્સ્યુરન્સ કંપનીમાં 'એસોશીએટ વાઈસ પ્રેસિડેન્ટ' તરીકે બઢતી મેળવી છે..કોટક ઇન્સ્યુરન્સ,આઇપ્રુ ઈન્સ્યુરન્સ જેવી કંપનીમાં અનુભવ મેળવી ટાટા એ આઇમાં 'ક્લસ્ટર હેડ' તરીકે જોડાયા હતા. ૧૫ વર્ષ ખંત અને કાર્યદક્ષતા થકી ઉત્તરોત્તર બઢતી મેળવતા ગયા અને તાજેતરમાં એસો.વાઇસ પ્રેસિડન્ટના ઉચ્ચ પદે નિમાયા.

દરેક પડકારનો દ્રઢતાપૂર્વક મુકાબલો કરી જાણનાર નિશ્ચલ બુચ પ્રમાણિક રહી કંપની અને સમાજને સંપૂર્ણ વફાદાર રહયા છે.રાજકોટ સ્થિત પિતાશ્રી સ્વ.રૂદ્રેશભાઈ એક સમયના એસ.ટી.કોર્પોરેશનમાં આવા જ બાહોશ અધિકારી હતા જે વારસો તેમણે સંભાળી ઉજાળ્યો છે.માતા પ્રતિમાબેનનો સંસ્કાર સાથેનો ઉછેર તથા જીવનસંગિની શ્રીમતી શર્વરી (સંન્નિષ્ઠ બેંક અધિકારી સ્વ.સિધ્ધાર્થભાઈ અંજારીયા તથા નીલાબેનનાં પુત્રી)ના સહયોગની પણ નોંધ લેવી ઘટે જ.

સંસ્થા પ્રત્યેની ફરજ સાથે કુટુંબ વત્સલતા, કર્તવ્ય અને જવાબદારી સંભાળવામાં પણ 'નિશ્ચલ' રહી, પરિવાર સાથે જ્ઞાતિને ગૌરવાન્વિત કરનાર નિશ્ચલ બુચને અભિનંદન સહ પ્રગતિના સોપાન સર કરતા રહો તેવી શુભકામના.

## ડો. માર્મિક ઢેબરે ગોલ્ડ મેડલ મેળવ્યો



રાજકોટના શ્રી જીજ્ઞાસુભાઈ તથા શ્રીમતી પરમેશ્વરીબેન ઢેબરના પુત્ર ડો.માર્મિક ઢેબરે કામધેનુ યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ વેટરનરી એન્ડ હસબન્ડરી સાયન્સના ડીગ્રી કોર્ષમાં 'વેટરનરી પેથોલોજી ' વિષયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો.

ડો.માર્મિક હાલમાં ગુરૂ અનંગદેવ વેટરનરી એન્ડ એનિમલ સાયન્સ યુનિવર્સિટી –લુધીયાણા ખાતે માસ્ટર્સ ડીગ્રીનો અભ્યાસ કરી રહયા છે.

ચિ.માર્મિક સ્વ.પ્રવિણચંદ્ર ડી.ઢેબર અને પૂર્ણિમાબેન ઢેબરના પૌત્ર તથા અનીલ કુમાર પી.છાયા અને મુદ્રિકાબેન છાયાના દોહિત્ર થાય.પરિવાર – જ્ઞાતિને ગૌરવ બક્ષનાર માર્મિકને અભિનંદન.

## કુ. તનુશ્રી મહેતા એમબીએ. થયાં

અમદાવાદ સ્થિત શ્રી તુષારભાઈ અને હિનાબેન મહેતાનાં પુત્રી તનુશ્રી મહેતા એમબીએ. (ફાઇનાન્સ)માં ૭૦% સાથે ઉત્તીર્ણ થયાં અને અમદાવાદ ખાતે આઇટી.કંપનીમાં એચઆર.તરીકે પસંદગી પામ્યાં.અભિનંદન

---

*"Our life always expresses the result of our dominant thoughts." - Soren Kirkegaard.*


## કુ. રિયા ઓઝાએ એમબીએ.ની પદવી મેળવી



કુ. રિયા ઓઝા IBS મુંબઈમાંથી એમબીએ. (ફાઇનાન્સ)માં ૯.૫/૧૦ CGPA સાથે ઝળહળતી સફળતા મેળવી છે. કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૩૦૦ વિદ્યાર્થીઓમાંથી ૧૧ની ટીમમાં પસંગી પામી તેઓ ખ્યાતનામ અમેરિકન બેંક J.P.MORGAN CHASE & Co.માં મુંબઈ ખાતે જોડાયાં છે. અભિનંદન સહ ઉજ્જવળ ભાવિની શુભકામના.

રાજકોટ સ્થિતં શ્રીમતી રેખા તથા શ્રી હિરેન ઓઝાનાં પુત્રી ચિ. રિયા, પ્રવિણાબેન બિપીનચંદ્ર હાથીનાં દોહિત્રી તથા ભાવનાબેન બ્રિજકિશોરભાઈ ઓઝાનાં પૌત્રી થાય.

## લગ્ન જીવનની ષષ્ઠિપૂર્તિની અનોખી રીતે ઉજવણી



જામનગરનું વડીલ દંપતી–શ્રી હરેન્દ્રભાઈ વેણીશંકર માંકડ –ઉ.વ.૮૩– અને શ્રીમતી ભારતીબેન હરેન્દ્રભાઈ માંકડ –ઉ.વ.૭૮. જેઓના લગ્ન આજથી ૬૦ વર્ષ પૂર્વે તા.૩૦–૫–૧૯૬૪ના રોજ ભારતીબેનના કાકા ડૉ. સુરેન્દ્રભાઈ બક્ષીના સ્વસ્તિક સોસાયટી સ્થિત 'વાત્સલ્ય' બંગલે અસાધારણ સંજોગોમાં થયાં હતાં. હરેન્દ્રભાઈને તેમનાં સુખી દાંમ્પત્ય જીવનના ૬૦મા વર્ષની શરૂઆત મે–૨૩માં થતી હોઇ, પોતાનો લગ્ન પ્રસંગ 'રીવાન્ડ' કરવાનો એટલે કે પુનઃ ઉજવવાનો વિચાર આવ્યો. આ વિચાર તેઓએ પરિવારજનો સમક્ષ મૂકતાં સૌએ હોંશભેર સ્વીકાર્યો... અને તા. ૩૦–૫–૨૦૨૩ના રોજ તેમના બે પુત્રો–પુત્રવધૂ, ત્રણ પૌત્રી, એક પૌત્ર, એક પૌત્રવધૂ, એક પ્રપૌત્ર તથા એક પુત્રી અને જમાઈ, એક દોહિત્રી, એક પ્રદોહિત્રી એમ તેમની ચોથી પેઢી સહિત કુલ ૧૭ સભ્યો તથા ભારતીબેનના પિયર પક્ષ અને જામનગર વસતાં સગાં–સંબંધીઓની હાજરીમાં ગોર મહારાજ દ્વારા વિધિ વિધાન અને પરંપરાગત રીત–રસમો અને અંતમાં લાડુના જમણ સાથે બીજી વાર ઉમંગભેર લગ્ન પ્રસંગ ઉજવવામાં આવ્યો.

## જ્યોત કિકાણી ધોરણ ૧૨ ISC બોર્ડમાં બીજા સ્થાન સાથે ઉત્તીર્ણ



અમદાવાદ સ્થિત શ્રી હિમાંશુ તથા શ્રીમતી ચૌલાના પુત્ર જ્યોત કિકાણીએ ધોરણ ૧૨માં ૯૮.૨% JEE 98 PR સાથે ગુજરાત રાજ્ય ISC બોર્ડમાં બીજું સ્થાન મેળવી ઉત્તીર્ણ થયા. જ્યોતએ ગણિતમાં ૧૦૦માંથી ૧૦૦ ફિઝીક્સમાં ૯૯ અને કમ્પ્યૂટરમાં ૯૮ ગુણ મેળવી આ ઝળહળતી સફળતા મેળવી છે.

ચિ. જ્યોત સ્વ. જગદીશચંદ્ર તથા સ્વ. વીણાબેન કિકાણીના પૌત્ર અને અમદાવાદ સ્થિત ડૉ. વિપીનભાઈ તથા ઇલાબેન ઝાલાના દોહિત્ર થાય છે.

*"Books are for people who wish they were somewhere else." - Mark Twain*

## શ્રી કલાપી ધોળકિયાને 'ફેની રતન માર્શલ ચંદ્રક'

વડોદરા સ્થિત જાણીતા નાટય કલાકાર,લેખક,દિગ્દર્શક શ્રી કલાપી ધોળકિયા દ્વારા લખાયેલાં ધન ધતૂડી પતૂડી, ઢમ ઢમ ઢોલ માંહી પોલ અને છોકરાં ભારે મશ્કરાં..આ ત્રણ પૂર્ણ કદના દ્વિઅંકી બાળનાટકો ના સંપુટ માટે ખૂબ જ સન્માનિત 'ફેની રતન માર્શલ ચંદ્રક(બાળ સાહિત્ય/વિકાસ ૨૦૨૦ – ૨૦૨૧)માટે નર્મદ સાહિત્ય સભા સુરત દ્વારા પસંદગી કરવામાં આવી છે.અસંખ્ય બાળ સાહિત્ય કૃતિઓ તથા અન્ય ઘડતર રીતિઓના પુસ્તકો વચ્ચે રસાકસી બાદ કલાપી ધોળકિયાના બાળનાટક સંપુટની પસંદગીનો કરવામાં આવી,જે જ્ઞાતિ માટે ગર્વની બાબત છે.

અગાઉ બરછીમાં તેઓ વિશે વિસ્તૃત માહિતી લેખ પ્રકાશિત થઈ ગયો છે, છતાં ટૂંકમાં નોંધ લઈએ તો.. કલાપી ભાઈ એમ.એસ.યુનિવર્સિટી વડોદરામાં નાટય શાસ્ત્રમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરી સ્નાતક થયા છે. છેલ્લાં બત્રીસ વર્ષથી જાહ્નવી કલા વૃંદ નામક સંસ્થા ચલાવે છે જેમાં સાત વર્ષથી ઉપરના સહુ કોઈને અભિનયની તાલીમ આપી રહયા છે. અનેક નાટકો લખ્યાં છે. ભજવાયાં છે.

આવા પ્રતિભાવંત કલાપીભાઈ ચંદ્રક મેળવવા હકદાર છે.અભિનંદન.

## સમાચાર સંચય

✧ **વડોદરા :** અત્રે સ્થિત કૃતિ પ્રેરિત અંજારિયાનાં પુત્રી કુ.જલધીએ તાજેતરમાં ઓલ ઈન્ડીયન કરાટે દો ફેડરેશન દ્વારા આયોજિત નેશનલ કરાટે ચેમ્પિયનશીપમાં 'કાટા' વિભાગમાં રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવતાં ગોલ્ડ મેડલ તથા 'કુમિટે' વિભાગમાં બ્રોન્ઝ મેડલ હાંસલ કરી પરિવાર સાથે જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે.ચિ. જલધી શ્રીમતી દર્શનાબેન કિરણભાઈ અંજારિયાનાં પૌત્રી તથા શ્રીમતી સંગિતાબેન અજયભાઈ વોરાનાં દોહિત્રી થાય.

✧ **રાજકોટ :** શરતચૂકથી એક અનુકરણીય નોંધ લેવી રહી ગયેલ કે ચાલુ સાલ યોજાયેલ દાદાના પાટોત્સવ નિમિત્તે યોજાયેલ સમૂહ પ્રસાદ ભોજન માટે પાટોત્સવ સમિતિને અત્રેનાં માયાબેન ભદ્રેશભાઈ વછરાજાની તરફથી માતબર રકમનું અનુદાન આપવામાં આવ્યું હતું.

✧ નિશાંત મિલીંદ મહેતા સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો.ની 'અંડર– ૧૬' ક્રિકેટ ટીમમાં પસંદ થયા.

✧ **અમદાવાદ :** તાજેતરમાં ઓરિસ્સાની મોટી રેલ દુર્ઘટનામાં ઘાયલ યાત્રીઓની સારવાર માટે અત્રેના જાણીતા ઓર્થોપેડિક સર્જન ડો.કેયુર બુચ બાલેશ્વર ખાતેની હોસ્પિટલ ખાતે પહોંચી જઈ અસંખ્ય અકસ્માત ગ્રસ્તોના મેજર ઓપરેશન–સારવાર વિના મૂલ્યે કરી હતી.સાંપ્રત સમયના સમાજ માટે માનવતા અને સંવેદનાના ઉત્તમ ઉદાહરણરૂપ ડો.બુચ




*"Two things prevent us from happiness, living in the past and observing others."*

તથા આવી નિઃસ્વાર્થ સેવા આપનાર અન્ય તબીબો–સ્ટાફને નમન કરીએ.

✧ પ્રતિત દુર્ગેશ વૈશ્નવ એક્સીસ બેંકમાં સિનિયર મેનેજર ના પ્રમોશન સાથે નરોડા બ્રાંચમાં મૂકાયા.

✧ **હાલોલ :** અત્રે નગરપાલિકા ગાર્ડન ખાતે G-20 અંતર્ગત યોજાયેલ યુવા સંવાદ કાર્યક્રમમાં જાણીતાં શિક્ષણવિદ્ ડો.કલ્પનાબેન જોષીપુરાએ યુવાનોની સમાજમાં ભૂમિકા તેમજ આરોગ્ય,રમત ગમત જેવી બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

<u>પરીક્ષાના પરિણામ</u> :

<u>બી.કોમ.</u>

શૈલી મિલીદ મહેતા ૮૦% (સૌ.યુનિ.) રાજકોટ

<u>ધો.૧૦</u>

પ્રિયાંશી દેવર્ષિ છાયા ૮૫% રાજકોટ

મનશા ધવલ માંકડ ૮૭% રાજકોટ

રમ્યા નીરજ ઝાલા ૯૩% અમદાવાદ

સ્વસ્તિ પૂજન વૈશ્નવ ૯૩% વડોદરા

પ્રાજક્તા ઉદયન કચ્છી ૮૫% વડોદરા

નમ્ય નીરવ માંકડ ૯૩% વડોદરા

ધ્યેય અમોલ વસાવડા ૭૯% રાજકોટ

વેનિશા ભાવેશ દેસાઈ ૮૩% રાજકોટ

જૂઈ કુલદીપ ધોળકિયા ૬૮% પોરબંદર

તનિષા હરસિદ્ધ વૈદ્ય ૮૮% ગાંધીગ્રામ

<u>ધોરણ–૧૨</u>

હેત વિહાંગ ઢેબર ૯૯.૮૭ પીઆર/NEETમાં ૬૨૦ ગુણ સાથે ઉત્તીર્ણ થયા ને મેડીકલમાં પ્રવેશ મેળવ્યો.

દર્શ ઉર્મિશ ધોળકિયા ૭૮% રાજકોટ

સાક્ષી ધવલ ઢેબર ૮૦% અમદાવાદ

મૌરવી નિશ્ચલ બુચ ૭૫% અમદાવાદ

સ્નેહ ભૌમિક વસાવડા ૮૪% અમદાવાદ

હેમાંગ પ્રણવભાઈ હાથી ૭૩% વડોદરા

મિત શાર્દૂલભાઈ હાથી ૭૯% વડોદરા

સિદ્ધાર્થ ઉદયન કચ્છી ૯૩% વડોદરા

કૈરવ કેતન દેસાઈ ૭૩% વડોદરા

નીશી મૃદુલ વસાવડા ૮૦% વડોદરા

મિમાંશા વિરેન દેસાઈ ૭૫% મહુવા

યશ્વી અંબર નાણાવટી ૯૪% મુંબઈ

---

## <u>અનંતના યાત્રીઓને શ્રદ્ધાસુમન</u> :

<u>વડોદરા</u> : અ.સૌ. પ્રતિક્ષા નિશિથ મહેતા, કુમુદિની બેન હરિશ્ચંદ્રભાઈ અવાશિયા–૯૩ વર્ષ.

<u>અમદાવાદ</u> : વિપુલભાઈ ધૈર્યપ્રસાદ ઝાલા–૬૨ વર્ષ, બીજલબેન અરૂણભાઈ પોટા,પરેશભાઈ જનાર્દન ભાઈ અવાશિયા, અવની હેમેન્દ્રભાઈ વચ્છરાજાની, અનસૂયાબેન હરિલાલ વૈદ્ય–૮૯, અ.સૌ.નયના નિરંજનભાઈ વૈદ્ય–૭૩ વર્ષ,

<u>કોલ્હાપુર</u> : ભારતીબેન ઉમાકાંત ભાઈ વસાવડા

<u>મુંબઈ</u> : કિરણભાઈ દિનકરરાય અંજારિયા

<u>રાજકોટ</u> : ડો.જપેશ કિશોરભાઈ વસાવડા, અ.સૌ. નીલાબેન ગિરીશભાઈ વસાવડા,રસિલાબેન મહેતા,

<u>જૂનાગઢ</u> : ભાર્ગવભાઈ હરેશ્વરભાઈ માંકડ, જયેન્દ્રભાઈ મણિશંકર ઓઝા,

<u>જામનગર</u> : હેમપુષ્પભાઈ રમાનાથભાઈ ધોળકિયા –૭૭ વર્ષ (વડનગરા નાગર જ્ઞાતિ જામનગરના પૂર્વ પ્રમુખ) ડો. સુરેશભાઈ વછરાજાની

ભુજ : અશ્વિન પ્રદ્યુમ્નરાય વોરા–૬૫ વર્ષ

***"Dead people receive more flowers than the living ones because the regret is stronger than gratitude." ~Anne Frank.***

# કર્મ એજ ભક્તિ


શ્રી.કૃષ્ણ એ કહ્યું છે કે કોઈપણ વ્યક્તિ ક્ષણભર માટે પણ,કર્મ-કામથી વિમુક્ત રહી શકતી નથી.આથી મનુષ્યની જિંદગી કર્મના મણકાથી ગૂંથાતી એક માળા ગણી શકાય જેમાં કર્મના મણકા રોજેરોજ ઉમેરાતા રહે છે. કોઈ કામ નાનું નથી.શ્રી.કૃષ્ણએ વિભૂતિઓ દર્શાવી સંદેશ-સલાહ આપેલ છે તેમ,જે તે કામ કરીએ તે 'ધ્યાન-જાગૃતતા-Awareness સાથે મન પરોવીને' કરીએ,શ્રેષ્ઠ બનવા પ્રયત્ન કરીએ.આપણે જયાં ને જે કામ કરતાં હોઈએ તેમાં ન ગયા હોઈએ,તે કામથી અલિપ્ત રહીએ ત્યારે બીજાઓને આપણી ગેરહાજરી-ખામી સાલે-વર્તાય તો કહી શકાય કે આપણું કામ નિષ્ઠાપૂર્વક થઈ રહ્યું છે. કામના સંદર્ભમાં,ગમતાનો ગુલાલ કરવો તો સહેલો છે,પણ વણગમતાનો ગુલાલ કરીએ તો વધારે સારું. મતલબ,અણગમતા કે અઘરા કામ પ્રત્યે મનમાં નારાજગી રાખી અસ્વીકાર્યતાનું વલણ ન રાખવું જોઈએ.

કર્મ દ્વારા જ વ્યક્તિની મહત્તા અને પ્રતિષ્ઠા અંકાતી હોય છે ને કર્મો જ વ્યક્તિને અમરત્વ બક્ષતું હોય છે.શ્રી.ગૌતમ બુદ્ધે કહ્યું છે તે અતિ ના એકપણ છોરે ન રહેતા,કર્મમાં "મધ્યમ માર્ગે ચાલવું" ઉચિત ગણાય એટલેકે ખૂબ કામ કરવું કે બિલકુલ નવરા રહેવું તે બંને છેડા છોડવા જોઈએ.

પૂરતા પૈસા મળતા હોય,આવક થતી હોય તો પણ દરેક ક્ષેત્રમાં પ્રત્યક્ષ કે પરોક્ષ કામચોરીની વ્યાપકતા જોવા મળે છે.પ્રત્યક્ષમાં કામવાળા, કારીગરો, મજૂરો વિગેરે અને પરોક્ષમાં નોકરિયાતો, ધંધાદારીઓ વિગેરે. કારીગરો,મજૂરો વિગેરે પૂરતું મહેનતાણું મળવાનું હોય તો પણ પોતાના કામમાં આળસ,કામ પાછું ઠેલવું, કોઈની દેખરેખ ન હોય તો કામમાં કચાશ રાખવી વિગેરે વલણ અપનાવી કામચોરી કરે છે જ્યારે નોકરિયાતો, ધંધાદારીઓ વિગેરે નીતિમત્તા ન અપનાવી કામચોરી કરતા હોય છે.

ઉપરાંત આપણી જાતે થઈ શકતાં હોય તેમજ આપણે પોતે જાતે જ કરવાં જોઈએ તેવાં કાર્યો,પૈસાના જોરે અન્ય પાસે કરાવીએ અને તે કામમાંથી વિમુક્ત થઈ આપણે નવરા બેસી રહીએ તે પણ એક પ્રકારની કામચોરી જ ગણાય!...આમ આપણાં દેશમાં કામચોરી, એક મહાન દુષણ છે, વ્યક્તિના પોતાના માટે,સમાજ માટે તેમજ દેશ માટે એક નુકસાનકારક પ્રક્રિયા છે,ગરીબીનું એક મહત્વનું કારણ છે અને કોઈપણ પ્રગતિના કાર્યમાં ઝાંખપ લાવે છે.

કર્મ એજ ભક્તિ છે,Work is Worship અપનાવીએ તો પોતાના કામની સફળતા અને નિષ્ઠાથી કર્મ કર્યાનો નિજી સંતોષ એટલે કે સાર્થકતા પણ અનુભવી શકાય,તેમજ ઉપરોક્ત દુષણો નિવારી શકાય છે.




આપણાં દરેક કાર્યમાં સંત કબીરજીની સલાહ: "काल करे सो आज कर, आज करे सो अब । पल में परलय होएगी, बहुरि करेगा कब ॥" પણ અનુસરીએ તો ઉત્તમ!

- દિપક બુચ-" dp",અમદાવાદ.

*"The first thing you'll have to do, is the last thing you wished." - Edward Murphy.*

# બાબા પરિવારના માનવંતા રોકાણકારો

| SR | NAME | CITY |
|---|---|---|
| 1 | અલ્કાબેન ઉમેશભાઈ વસાવડા | અમદાવાદ |
| 2 | અંકુરભાઈ વિરેનભાઈ ધોળકિયા | રાજકોટ |
| 3 | અર્ચનાબેન વૈષ્ણવ | રાજકોટ |
| 4 | બંદીશભાઈ ધોળકિયા | ગાંધીધામ |
| 5 | ભૂષણભાઈ મહેશભાઈ ધોળકિયા | રાજકોટ |
| 6 | દક્ષાબેન ભરતભાઈ માંકડ | રાજકોટ |
| 7 | માઇભક્ત દીનાબેન મુકેશભાઈ માંકડ | રાજકોટ |
| 8 | દુર્ગેશભાઈ વૈષ્ણવ | રાજકોટ |
| 9 | ગીરીશભાઈ વૈષ્ણવ | ભુજ |
| 10 | ગ્રીષ્માબેન શ્રેયાંશભાઈ નાણાવટી | અમદાવાદ |
| 11 | હર્ષાબેન વસાવડા | રાજકોટ |
| 12 | હેમાંગભાઈ મેહતા | અમદાવાદ |
| 13 | ડો. હેમાંગભાઈ વસાવડા | રાજકોટ |
| 14 | હિમાંશુભાઈ પોટા | પોરબંદર |
| 15 | જીગરભાઈ બુચ | ગાંધીધામ |
| 16 | જીતેન્દ્રભાઈ દિનુભાઈ માંકડ | અમદાવાદ |
| 17 | કરિશ્માબેન વિશાલભાઈ અંજારિયા | રાજકોટ |
| 18 | મૌલિકભાઈ ધોળકિયા | ગાંધીધામ |
| 19 | માયાબેન ભદ્રેશભાઈ વચ્છરાજાની | રાજકોટ |
| 20 | મિનલબેન પરાગભાઇ બક્ષી | વડોદરા |
| 21 | નેહાબેન ભાર્ગવભાઇ ધોળકિયા | ગોંડલ |
| 22 | નિલેશભાઈ જોષીપુરા | મુંબઈ |
| 23 | મીતાબેન બકુલભાઈ વૈષ્ણવ | રાજકોટ |
| 24 | નીતાબેન પરેશભાઈ અંતાણી | પોરબંદર |
| 25 | પલ્લવભાઈ માંકડ | રાજકોટ |
| 26 | પરેશભાઈ અંતાણી | જૂનાગઢ |
| 27 | રાજેન્દ્રભાઈ ઓઝા | પોરબંદર |
| 28 | રાજેશભાઈ વસાવડા | રાજકોટ |
| 29 | રાજેશભાઈ પોટા | રાજકોટ |
| 30 | રાજીવભાઈ વૈષ્ણવ | રાજકોટ |

| | | |
|---|---|---|
| 31 | રવીન્દ્રભાઈ નાણાવટી | રાજકોટ |
| 32 | સાહિલભાઈ પલ્લવભાઈ માંકડ | રાજકોટ |
| 33 | સમર્થભાઈ સતિષભાઈ મેહતા | રાજકોટ |
| 34 | સતિષભાઈ ભરતભાઈ મહેતા | રાજકોટ |
| 35 | શૈલેષભાઈ દેસાઈ | રાજકોટ |
| 36 | સિદ્ધિબેન તેજસભાઈ પટ્ટણી | ભુજ |
| 37 | સુમિતભાઈ અરવિંદભાઈ બુચ | ગાંધીધામ |
| 38 | ઉત્પલભાઈ વૈદ્ય | સુરત |
| 39 | વૈષ્ણવીબેન બ્રહ્મચારી | અમદાવાદ |
| 40 | વ્યોમાબેન ચેતસભાઈ ઓઝા | રાજકોટ |
| 41 | PSI યોગેશભાઈ અંજારિયા (RETD) | રાજકોટ |

**નાગર ભાઈઓ બહેનો બિઝનેસમાં આગળ આવે એ માટે આજે હું શું યોગદાન આપી શકું ?**

**આ સવાલ દરરોજ સવારે તમારી જાતને પૂછજો અને જે જવાબ સુજે એનો અમલ કરજો તો આજથી બે દાયકા પછી આપણી જ્ઞાતિ બિઝનેસમાં પણ નામ કમાઈ ગઈ હશે.**

**ગામ ગામ થી જ્ઞાતિનું હરેક ઘર બાબા પરિવારમાં જોડાય એવી અમારી અભિલાષા પૂર્ણ કરવામાં આપનો સહયોગ માંગીએ છીએ. શુભ શરૂઆત આજ થી જ કરો. ફક્ત 100 રૂ. નું રોકાણ કરીને 2 વરસ પછી ગેરંટીથી 200 રૂ. પરત મેળવો અને વધુમાં નિ:શુલ્ક લકી ડ્રોમાં ભાગ લઈને 5 લાખનું ઇનામ જીતવાની તક પણ મેળવો.**

**વધુ વિગત માટે સંપર્ક :**

**સતિષ મહેતા - 9879333513, યોગેશ અંજારિયા - 9825492856,**

**પલ્લવ માંકડ - 9624889707 /**

**મીતાબેન વૈષ્ણવ - 9408793513 દક્ષાબેન માંકડ - 9428199188**

**બીનાબેન બુચ - 9427239396 અપેક્ષા ધોળકિયા - 9409087167**

# 'મેજર સંદીપકુમાર'

'અખંડ આનંદ' માં પ્રકાશિત ટૂંકી વાર્તા : સર્વે સૈનિકોને અર્પણ.

લેખક: દુર્ગેશ ઓઝા. પોરબંદર. મો. 9898164988

ઉપસ્થિત સૈનિકોને મેજર સંદીપકુમારે પ્રારંભિક સૂચનાઓ આપી, ને પછી.. 'કોઈ સવાલ? કોઈ શક? બહુત અચ્છે. શક દોસ્તીકા દુશ્મન હૈ, વો કભી મત કરના. ઓર હા, મેરે સામને દૂસરી કોઈ બાત ભી મત કરના, ક્યા સમજે? ઓ શુભમ, હા મેં તુજસે હી પૂછ રહા હું. તેરા ધ્યાન કિધર હૈ રે? યહાં બાત કરને આયે હો યા..?' મેજરનો કરડો અવાજ ગાજ્યો.

'સર કુછ નહીં. મેં તો બસ..'

'બસ હો ટ્રેન હો યા હવાઈ જહાજ, મુજે ઇસસે કોઈ ફરક નહીં પડતા. મુજસે જૂઠ બોલતા હૈ? મેજરકી આંખમેં ધૂલ ઝોંકના ચાહતે હો? મેરી નજરસે કુછ નહીં છૂપતા ક્યા સમજે?? યે સબ તીન ચક્કર લગાયેંગે. તુમ્હે ચાર લગાને હોગે. ઓર હા, આજ દોપહર બારહ બજે નજદીકી ગાવકે સ્કુલકે બચ્ચે હમારા કેમ્પ દેખને આ રહે હૈ. ઉન સબકો નાસ્તા તુમ અકેલે અપને હાથસે પરોસોંગે. સૂરજ, તું ઘૂરઘૂરકે મેરે સામને કયું દેખ રહા હૈ? ક્યાં મેં તુજે કોઈ અલગ પ્રાણી દીખતા હું? તું હસા કયું? શુભમ કી સજા સુનકે તું મજા લે રહા હૈ? જવાબ દો. સચ હૈ ના મેરી બાત?'

'જી સર. મતલબ ના સર..'

'ક્યાં જી સર, ના સર લગા રખા હૈ? ઓર મુજે સર નહીં, સાહબ બોલનેકા ક્યા? મુજે કોઈ સર બોલે તો મેરા સર ચકરાતા હૈ. 'સર જો તેરા ચકરાયે, યા દિલ ડૂબા જાયે..' તુજે ઓર હંસી આ રહી હૈ ના સૂરજ! જા તુજે ભી શુભમકે સાથ એક ઓર ચક્કર લગાના હોંગા. એક સે ભલે દો.'

'સાહબ, ઇસમેં સૂરજકા કોઈ દોષ નહીં હૈ? મૈ હી..'

'તો ક્યાં મેરા દોષ હૈ શુભમ મહાશય? મુજસે જબાન લડાતા હૈ? ઓર હા, એક બાત કહેના તો મૈ તુજે ભૂલ હી ગયા. બચ્ચોકો નાસ્તા દેનેસે પહેલે તુજે મેરે ક્વાર્ટરપે આના હૈ. ઠીક સુબહ દસ બજે આ જાના વહા મેરે પાસ. ઇતની હી સજા કાફી નહીં હૈ. તુજે અભી ઓર બરાબરકા નાસ્તા ખીલાના બાકી હૈ, સમજમે આયા કિ નહીં? સબ જવાન તૈયાર? ઇન્કિલાબ..ઝીંદાબાદ. એક દો તીન.. ભાગો..' મેજરે આદેશ આપ્યો ને પછી એ સસ્મિત બધા જવાનોને દોડતાં જોઈ રહ્યા.

સંદીપકુમાર બહુ કડક માથાફરેલ અફસર. ભૂમિદળના બાહોશ અફસર, પરંતુ મિજાજ બાર ખાંડીનો. થોડી જ વારમાં મગજ તપી જાય. એના સંકજામાં કોઈ આવ્યું તો સમજો ગયા કામથી. માર્યા ઠાર. ગેરશિસ્ત જરાયે ચલાવી ન લે. ચોકસાઈ, સમયપાલન વગેરેના જબરા આગ્રહી. દુશ્મનો, આંતકવાદીઓને ધૂળ ચાટતા કરી દેનાર આ અફસર કોઈથી ચૂક થાય એટલે એની ધૂળ કાઢી નાખતા. હજી થોડી વાર પહેલાં જ તે બઢતી પામીને આવ્યા હતા આ રેજીમેન્ટમાં.

ઘાયલ સુરજીતસિંઘનો પગ હજી સારો નહોતો થયો. આ માણસે બહાદુરીપૂર્વક એકલે હાથે પાંચ પાંચ

આંતકવાદીઓને મૃત્યુને ઘાટ મોકલી દીધા હતા. જ્યાં સૈનિકોને બધી તાલીમ આપવામાં આવી રહી હતી એ મેદાનમાં તે અત્યારે ખુરશી નાખી બેઠો હતો. મેજરે તેની સામે જોતાં જ તે ઊભો થઇ આવવા ગયો ત્યાં જ હાથના ઈશારાથી એને રોકતા મેજર પોતે તેની પાસે ગયા.

'સર આપને કયું તકલીફ કી? ઓર યહાં દુસરી કુર્સી નહીં હૈ. સર આપ બેઠિયે મેરી કુર્સી પે.'

'નહીં. મેં ઐસે હી ઠીક હું. ઓર મુજે સર નહીં, સાહબ કહો. બોલો ક્યાં બાત હૈ? કૈસી હૈ તબિયત?'

'ચંગે હૈ! પર સર, ભૂલા સાહબ, દો-તીન બાતે આપ સે પૂછ શકતા હું ક્યાં?'

'પૂછો! બેશક પૂછો! અભી યહાં કોઈ પરેડ યા ઐસા કોઈ ચલ નહીં રહા.'

'સાહબ, આપ બૂરા માન જાઓંગે. રહેને દો. પુરા ગુસ્સા મુજ પર થોંપ દોગે.'

'અરે નહીં સુરજીતસિંઘ પૂતર, વીર સરદાર, મુજે બિલકુલ બૂરા નહીં લગેગા. તુમ બેખોફ પૂછો.'

'માફ કરના સાહબ, પર આપ સબ પર ઇતના રોફ કયું જમાતે હો? કીસીકી છોટી સી ગલતી પર આગબબૂલે હો કે ઉસકો ઇતના ભલા-બુરા કયું સુનાતે હો વો મેરી સમજ સે પરે હૈ! જબ તક ગલતી સુધર ન જાયે તબ તક ઉસ પર કડી નજર રખતે હો ઓર સખ્તીસે કામ પુરા કરવાકે હી ચેન કી સાંસ લેતે હો ઓર લેને દેતે હો. ઐસા કયું?'

'મેં ઐસા કયું હું વો હી ના? તો સુનો સુરજીત, વતન ઓર પરિવારસે દૂર હોના, કભી ભી હમલેકા ડર, યહાંકી તેજ બર્ફીલી હવા, યે સબ મુશ્કીલ હાલાતમેં કામ કરના, હર વક્ત ચોક્કના રહેના..યે સબ પ્રતિફ્લતા ક્યાં કમ હૈ જો મેં સૈનિકો પર ઓર સિતમ ઢાઉ! કોઈ અફસર ઐસા નહીં હોતા. વો સદા જવાનકી ભલાઈ હી સોચતા હૈ. પર જરા સમજો, બેટી ઢંગકા ખાના નહીં બનાતી યા તહેજીબ ભુલકે પેશ આયે તબ મા ઉસકો તબિયતસે ડાટતી હૈ કી નહીં? કભી કભી તો ઉસ પર હાથ ભી ઊઠા લેતી હૈ. કયું? કયું કી જબ વો બડી હો કે સસુરાલમે જાયે તબ વો પૂરી તૈયાર ઓર નિપુણ હો કે જાયે. વો વહા ખુશ ઓર સફલ રહે ઓર ઉસકો અપને યા અપને માબાપકે બારેમે વહા કુછ ઊલટાસીધા સુનના ન પડે ઇસલિયે. બેટા ગલત રાસ્તે પર ચલે તો માબાપ ઉસે ટોકતે હૈ, કભી ઠોક ભી દેતે હૈ દો ચાર થપ્પડ, જિસસે વો સુધર જાયે ઓર એક અચ્છા ઇન્સાન બને.

મેં બસ ઐસી મા યા ઐસા બાપ જૈસા હું. હા, પ્યારસે સમજાના ચાહીએ મેં ઉસ બાતકો ભી માનતા હું પર જબ પાની સરસે ઉપર હો જાયે તબ તો..! યે મેરી સ્ટાઈલ હૈ પાજી! ઓર યહાં ફૌજમેં અનુશાસન નામકી ભી કોઈ ચીજ હોતી હૈ! ઘબરાના મત. મેં સબસે પ્યાર કરુંગા, કરતા હું, મેરે પ્યારે સરદાર. કરતે હૈ હમ પ્યાર સારે ઇન્ડિયા સે. હિન્દીમે બોલે તો પૂરે ભારતવર્ષ સે.'

'પર આપને બેચારે શુભમકો ખામખાં કયું સજા દી? આપકો તો માલુમ હી હૈ કી ઉસકા બચ્ચાં અભી થોડે દિન પહેલે હી મર ગયા. ઉસકા એકલોતા બચ્ચાં ઐસે, ઇતની છોટી ઉમરમેં..! શુભમને કલેજે પર પથ્થર રખકે અભી હી ફિરસે થાનેમેં રીપોર્ટ કી હૈ. મરનેકા ગમ અભી ભી ઝીંદા હૈ.'

'ઇસલિયે તો ઉસકો મૈને યે સજા સુનાઈ! શુભમ દિલકા સાફ હૈ પર જરા નરમ હૈ. મહાત્મા ગાંધીબાપુકી જન્મભૂમિ પોરબંદરસે આયા હૈ યે શુભમ. ઇસલિયે ભી વો મુજકો પ્યારા હૈ. મૈ ઉસકે જખ્મકો કુરેદતા, સબકે

બીચ ઉસકો દિલાસા દેતા તો વો જ્યાદા તૂટ જાતા, સમજે? ઓર પાજી, સ્કૂલી બચ્ચોકો વો ખુદ પરોસેગા તો ઉસકો ઐસા લગેગા કી મેં અપને બચ્ચેકો ખીલા રહા હું. વો યે સબ બચ્ચોમે અપના બચ્ચાં ઢૂંઢેગા ઓર ઈસસે ઉસકો થોડી તસલ્લી હોગી. સૂરજ ઉસકા પક્કા દોસ્ત હૈ. ઇસલિયે તો મૈને ઉન દોનોકો સાથ દોડાયા. બાત સમજમે આઈ મેરે પ્યારે સરદાર?'

'આઈ આઈ સર. ભુલા.. સાહબ. હા, એક ઓર બાત હૈ જો આપકો પૂછની થી. આપ હિન્દીમે હી બાત કરનેકા આગ્રહ કયું રખતે હૈ? બાતબાતપે ઇસ બાતપે સબકો કયું ટોકતે રહેતે હો સાહબ?'

'દેખો, અંગ્રેજીસે મુજે કોઈ દુશ્મની નહીં હૈ. ઉસકી ઓર બાકી સભી ભાષાકી ભી મેં ઈજ્જત કરતા હું. પર હિન્દી હમારી રાષ્ટ્રભાષા હૈ, ઓર વો ભી કીતની પ્યારી ઓર મીઠી હૈ! તો જૂઠમૂઠકા દિખાવા કરકે બાતબાત પે અંગ્રેજી કયું ઝાડના? હિન્દીમેં બોલનેમેં હમે ફક્ર હોના ચાહિયે. મૈને એક ગીત લિખા હૈ. " હિંદી પ્યારી ન્યારી ભાષા, ઝાડકે ઈંગ્લીશ કર ના તમાશા." અબ જ્યાદા સવાલ મત કરના, વરના મેં તુમ્હે ભી ઝાડ દુંગા, સજા સુના દુંગા સમજે? મુલાકાત કા સમય ખત્મ હુઆ. ચલો મેં અપની ગાડીમે તુમ્હે તુમ્હારી ખોલી તક છોડ દેતા હું. સત શ્રી અકાલ સરદારજી.'

મેજર સંદીપકુમાર સંભાળપૂર્વક સુરજીતને એની ખોલી સુધી મૂકી પછી પોતાનાં રહેઠાણે ગયા. હિન્દી ભાષા એને ખૂબ વહાલી. એ તેની માતૃભાષા નહોતી, પણ તેનાં પ્રત્યે એમને ખૂબ આદર. 'તમે બધા સૈનિકો સમગ્ર ભારતવર્ષની સુરક્ષા કરો છો. આખું રાષ્ટ્ર જયારે આપણા માટે એક છે તો આ રાષ્ટ્રભાષા હિન્દી પણ આપણી બધાની પોતીકી થઇ ને? એને પ્રેમ કરો, એની ઈજ્જત કરો..' મેજરનો કહેવાનો સૂર કંઇક આવો હતો. જો કે તે એક સંવાદ જવાનોને વારંવાર કહેતા, જેમાં થોડાં અંગ્રેજી શબ્દો પણ આવતા.. 'દેખો, મેં વો મેજર હું જો માઈનોર મિસકન્ડક્ટ ભી નહીં ચલાતા, ક્યાં સમજે?' આ ધ્રુવવાક્ય વારંવાર એના હોઠ પર આવી જતું.

...એકાદ કલાક પછી શુભમ થોડા ફફડતા હૈયે મેજરને ત્યાં આવતાં જ..'ઇતની દેર કયું લગા દી આનેમેં? ક્યાં બર્ફીલે પહાડ, ઊંચી ચોટિયા, યા હસીન વાદીયોકી સેર કરને ચલે ગયે થે? વો તો તુમને ચાર ચક્કરમે દેખ હી લિયા હોંગા, ફિર..? તુમ દોનો અર્થમે જવાન હો. એક તો ફૌજકે ઓર દુસરા ઉમ્રકે લિહાજસે. માશાલ્લાહ શરીર ભી કસા હુઆ હૈ. મૈને તુજે દશ બજે આનેકો બોલા થા. અભી વક્ત ક્યા હુઆ? સવા દસ બજનેકો હૈ! ઐસી દેર કરેંગા તો કિસી દિન તેરે બારહ બજ જાયેગે. ક્યાં તુમ્હે અભી એક ઓર ચક્કર લગાના હૈ?'

ઊંચા ઊંચા પર્વતો, બરફની ચાદર..તો બીજી તરફ ઘાસિયું મેદાન, હરિયાળી...વાતાવરણ અદભૂત હતું. શુભમે આકાશ ને ધરતી બેય તરફ ચોતરફ નજર નાખી ને પછી કહ્યું. 'સાહબ, ઐસા નહીં હૈ, આજ પાનીકી લાઈન બિગડ ગઈ થી, આગે લીકેજ થા તો ખોલીમે પાની નહીં આયા. કલ ખોલીકી ઉપરકી ટંકીમેં પાની ખાલી હો ગયા થા વો મુજે માલુમ નહીં થા તો પાની લેને જાના પડા ઇસલિયે..'

'ઠીક હૈ, ઠીક હૈ. અભી તેરી સજા પૂરી નહીં હુઈ. આ બેઠ. અભી તુજે બરાબરકા નાસ્તા ખીલાના હૈ. ખાના મિલેંગા, પીના મિલેંગા, સંદીપકે ક્વાર્ટરપે સબકુછ મિલેંગા. પીના હૈ કવાર્ટર? બેઠ. અરે! મેરે સામને ઐસે ટુકુરટુકુર ક્યા દેખ રહા હૈ? તુજે તબિયત સે ખાના ખિલાતા હું. અપને હાથકા ચટપટા, ખટ્ટામીઠા, તીખા. તેરી

તબિયત અચ્છી યાની ફાઈન કરતા હું. વો હી તેરા ફાઈન અર્થાત દંડ હૈ ક્યાં સમજે? મુજે નાફરમાની પસંદ નહીં. બેઠો. બેઠતે હો કી નહીં?' સંદીપકુમારનો પહાડી કરડો સ્વર ગાજી ઊઠ્યો. પહેલાં અવાજ, પછી એનો હાથ ઊંચો થયો ને ત્યારબાદ....

......બાજુના વિસ્તારમાં આવેલી નિશાળના વિદ્યાર્થીઓ લશ્કરી કેમ્પમાં આવી પહોંચ્યા હતા. શુભમ સૌને પોતાના હાથે એ નાનાં નાનાં બાળકોને પ્રેમથી નાસ્તો ખવરાવી રહ્યો. એમાંની એક સાત વર્ષની નાનકડી નીલિમા મીઠડા અવાજમાં શુભમને પૂછી રહી, 'આપ આર્મીમેં કામ કરતે હો ના? મૈ ભી બડી હો કે આર્મીમેં આઉંગી. મુજે ભી સૈનિક બનના હૈ;આપ કી તરહ.' શુભમ ખુશ થઇ ઊઠ્યો. એણે નીલિમાના ગાલે મૃદુ ટપલી મારી પછી એની પીઠ થાબડતા કહ્યું, 'વાહ, ધન્ય હૈ તુજે ઓર તેરે માબાપકો. તુમ ઓર તુમ્હારે માબાપ કહાં રહેતે હૈ?' નીલિમાએ જવાબ આપતા જ શુભમ..! તરત જ મેજર સંદીપકુમારે વાતનો દોર પોતે હાથમાં લઇ લીધો. નીલિમાને તેડી લેતા એ કહી રહ્યા.

'વાહ બેટી, વો જો ભી હો, પર તેરી બાત સુનકે હમે બડા અચ્છા લગા. શુભમ, જાનતે હો મેરી બેટી સુહાની ભી ઐસા હી કુછ કહેતી હૈ ઓર ફિર બોલતી હૈ, "ફિર મેં આપકી તરહ મેજર બનકે સબ પે રોફ ઝાડુંગી, ક્યા સમજે? મેરે લીયે આઈસ્ક્રીમ લાયે કી નહીં? ચલો નિકાલો. યે મેજર સુહાનીકા આદેશ હૈ." અભી મેં જબ ઘર જાઉંગા, સુહાનીસે મિલુંગા તબ તેરી ઇસ બાતકા જીક્ર ભી કરુંગા બેટી નીલિમા.' સંદીપકુમારની આંખ ભીની થઇ ગઈ. એ અત્યારે મેજરમાંથી પિતા બની ગયા હતા.

શુભમ પોતાની ખોલીમાં પરત આવતાં જ... 'શું થયું? સરે... સાહેબે તારી શું વલે કરી? એનામાં દયાનો છાંટો નથી. આ શુભમ દુઃખી છે તોય એની સાથે કડકાઈ..! સાહેબ બહુ તોછડા ને ઘમંડી લાગે છે. ના હો! સાવ એવા નથી લાગતા. આમ તો સારા છે. તમે ખાલી કાંટા જ જોયા છે, ગુલાબ ક્યાં જોયું છે? ના ના, તુંડમિજાજી લાગે છે. તને કેવા પ્રકારનો નાસ્તો કરાવ્યો એમણે? એવી માહિતી મળી છે એ બધાને ખૂબ મદદ ને પ્રેમ કરે છે. પણ મેં તો એવું સાંભળ્યું છે એનું હંટર પડે એટલે ગમે તેવો ક્રૂર બદમાશ પણ નરમઘેંસ થઇ જાય. તને ક્યાંય વાગ્યું તો નથી ને? એ માણસ જ નથી..' જવાનો દ્વારા પૂછપરછ ને જાતજાતના અભિપ્રાયોનો દોર ચાલ્યો ને એય હિંદી ભાષામાં. મેજરે ટેવ પાડી દીધી હતી ને? બીજા કોઈ હવે કશું આગળ બોલે એ પહેલાં જ શુભમે તેમને રોક્યા, ટોક્યા. 'મેહરબાની કર કે ચુપ હો જાઓ. અપની લૂલી બંધ રખો. બંધ કરો યે સબ. સંદીપકુમારકે બારેમે કીસીને અબ એક ભી એલફેલ શબ્દ નિકાલા તો મુજસે બૂરા કોઈ ન હોંગા.' સૌને નવાઈ લાગી. મેજર દ્વારા જાહેરમાં મોઢું તોડી લેવાયા છતાં આ માણસ...! શુભમ જવાનોને કહી રહ્યો હતો. 'આપ સબકી બાત સહી હૈ. હા, વો ઇન્સાન નહીં, ભગવાન હૈ ભગવાન.'

મેજર સંદીપકુમારે પોતાના નિવાસસ્થાને શુભમને બોલાવી એના ખબરઅંતર પૂછ્યા હતા. એને વાંસે હાથ પસવારી એને દિલાસો આપ્યો હતો ને કંઈ પણ કામ હોય તો નિસંકોચ કહેવા 'કડક' સૂચના આપી હતી. નાસ્તો નહીં, પોતાના નિવાસસ્થાને એમણે શુભમને પેટ ભરીને પ્રેમપૂર્વક જમાડ્યો હતો.

પાણીની પાઈપલાઈન યુદ્ધના ધોરણે સરખી કરવામાં આવી હતી.. હવે એમાંથી પાણી ટપકતું નહોતું, હા, પણ શુભમ અને બીજા કેટલાક જવાનોની આંખમાંથી...! જે નિશાળમાંથી વિદ્યાર્થીઓ આ લશ્કરી જગ્યાની

મુલાકાત લેવા આવ્યા હતા એ બધા અનાથ બાળકો હતા. જો કે હવે નીલિમા અનાથ નહોતી. એને દત્તક લેનાર ને નીલિમા બેય રાજીના રેડ! દત્તક લેનારનો પરિવાર ખુશ..ને મેજર તો ખુશખુશાલ! જો કે નીલિમા પણ એવી જ મીઠડી, વહાલી લાગે એવી હતી ને? કોણે કોને દત્તક લીધા એ નક્કી કરવું મુશ્કેલ હતું ને એ નક્કી કરવાની જરૂર પણ નહોતી હા, હવેથી નીલિમા શુભમની દીકરી હતી. શુભમે એને દત્તક લઇ લીધી હતી. આ બધી વિધિ પૂરી કરવામાં સંદીપકુમારે પણ મહત્વની ભૂમિકા અદા કરી ખૂબ મદદ કરી હતી! એ સતત માથે ને માથે જ ઊભા હતા. એમણે કહ્યું તે મુજબ જ બધું સમયસર ને ચોકસાઈપૂર્વક થયું હતું. એમાં જરાસરખી ચૂક ચલાવી લેવામાં નહોતી આવી. મેજર સંદીપકુમાર કડક હતા ને! નાળિયેર જેવા..!! એ કડક હતા, ખડક જેવા એ ખરું, પણ સાગરનું નાનકડું મોજું પણ એને બરાબરનું ભીંજવીને જ રહેતું એ વાતમાં કોઈ શક જ નહોતો. ત્યાં કેમ્પમાં રહેલા ઘણા સૈનિકોના હોઠ પર હવે આ ગીત રમી રહ્યું હતું... 'દોસ્તો શક દોસ્તીકા દુશ્મન હૈ..!'

---

## <u>પ્રેરક પ્રસંગ</u> : શ્રી લાલ બહાદુર શાસ્ત્રીજીની નમ્રતા તથા સાદગી :

**આપણા ભૂતપુર્વ વડાપ્રધાન શ્રી શાસ્ત્રીજી એક સમયે જ્યારે ઉત્તર પ્રદેશમાં ગૃહપ્રધાનની જવાબદારી સંભાળતા હતા ત્યારે તેઓએ માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડયું...તેઓ આગ્રાથી મથુરા તેમના મિત્રની મોટરમાં અગત્યની મીટીંગમાં જતા હતા..વેરાન રસ્તામાં અચાનક મોટર બંધ પડી ગઈ.મથુરા થોડા કિ.મી.જ દૂર હતું અને મોટર અટકી પડી.તેઓએ જોયું કે રોડની સામે જ પોલીસ થાણુ છે તેઓ અને તેના મિત્ર ત્યાં ગયા ત્યારે પોલીસનો માણસ ખુરશીમાં લાંબા પગ કરીને આરામથી બેઠો હતો.પોલીસ ઈન્સ્પેકટર કામ સબબ બહાર ગયા હોવાથી હાજર ન હતા.શાસ્ત્રીજીએ વિનંતી કરી કે અમારી મોટર અટકી ગઈ છે માટે મદદ કરો ને ચાલુ કરો.અમારે મથુરા પહોંચવામાં મોડું થાય છે.શાસ્ત્રીજી ખાદીના સાદા વેશમાં હતા અને પોતાની ઓળખાણ ન આપી.પોલીસે તેમને બહાર બેસવાનું કહયું..શાસ્ત્રીજીના મિત્રને નવાઈ લાગી કે તેમની ઓળખાણ આપીને હોદ્દાનો ઉપયોગ કેમ નથી કરતા! થોડી વારમાં જ્યારે પોલીસ ઈન્સ્પેકટર આવ્યા ત્યારે તેમને શાસ્ત્રીજીને જોઈને નવાઈ લાગી અને સલામ કરીને ઉભા રહીને વિનંતી કરી કે આપ હુકમ કરો, આપને આ સમયે શું કામ આવવું પડયું.પોલીસ કોન્સ્ટેબલ રૂમમાંથી બહાર આવ્યો ત્યારે ઈન્સ્પેકટર ખૂબ જ ગુસ્સે થયા અને હુકમ કર્યો કે શાસ્ત્રીજી આપણા ગૃહપ્રધાન છે તેને બાંકડા ઉપર શા માટે બેસાડી રાખ્યા! અને હુકમ કર્યો કે તું મોટરનો જાણકાર છો જલ્દી રીપેર કરી દે અને સાહેબનો સમય બગાડ નહી. પોલીસ પણ મુંઝાયો અને તરત જ મોટરમાં જે ખામી હતી તે રીપેર કરી આપી ચાલુ કરી આપી અને શાસ્ત્રીજી પાસે માફી માંગીને રડવા લાગ્યો કે સાહેબ મારી ઉપર મહેરબાની કરીને સજા ફરમાવતા નહી.શાસ્ત્રીજી શાંત રહયા અને આભાર વ્યકત કરીને તુરત જ નીકળી ગયા અને મથુરામાં સભાના સ્થળે સમયસર હાજર થઈ શકયા.આવા મોટા માણસની નમ્રતા અને ઉદારતામાંથી ઘણું શીખવા મળે.**

**સંકલન : ડાકોરભાઈ ત્રિવેદી,રાજકોટ.**

***"There is a road from the eye to the heart that does not go through the intellect." - G.K Chesterton***

# ગુરુ

સામાન્ય રીતે માણસ કોઈ પણ મુશ્કેલીમાં મુકાઈ જાય અથવા અણધારી આફત આવી ચડે ત્યારે ખૂબ જ પરેશાન થઈ જાય અને તેમાંથી નીકળવાનો રસ્તો શોધવાને બદલે પરિસ્થિતિમાં મૂકનાર તરફ નફરતથી જોવા લાગે છે. આની સામે એક પૌરાણિક કથા માંથી સાર ગ્રહણ કરવા જેવો છે.

એક ખેડૂત પાસે એક ખચ્ચર હતું જે હવે ખૂબ ઘરડું થઈ જતા બહુ કામ કરવા માટે સક્ષમ ન હતું. કોઈ તેને વેચાતું લેવા પણ તૈયાર ન હતું. એકવાર ખેડૂત આ ખચ્ચર લઈને બહારગામ જતો હતો ત્યાં ગામના પાદરે એક અવાવરૂ કુવો હતો. ત્યાં થોડો વિશ્રામ કરવા બેઠો. એટલી વારમાં પેલું ખચ્ચર કુવા પાસે ગયું અને તેમાં ડોકિયું કરવા જતાં તેમાં પડી ગયું. પહેલાં તો ખેડૂત ખૂબ ગભરાઈ ગયો, પછી જોયું કે કુવો તદ્દન અવાવરૂ અને ખખડી ગયેલ હતો. તેમાં પાણી પણ ન હતું. પેલું ખચ્ચર કૂવામાં પડ્યા બાદ થઈ ગયું ઊભું થઈ ગયું અને આમ તેમ આંટા મારતું હતું. ખેડૂતે વિચાર કર્યો કે કદાચ કુદરતે જ નિર્માણ કર્યું હશે પરંતુ આમને આમ કેટલા દિવસ ખચ્ચરને રાખવું. કુવો પણ અવાવરૂ હોઈ કદાચ રાત વરત કોઈ વટેમાર્ગુ માટે મુશ્કેલી પણ સર્જી શકે તેથી તે પૂરી દેવાનું અને એ રીતે ખચ્ચરને પણ તેમાં જ દફન કરી દેવાનો નિર્ધાર કર્યો. ગામના બે ચાર જણને સાથે રાખી આ પરિસ્થિતિ સમજાવી અને કુવો પુરવાનું શરૂ કર્યું.




હવે અંદર પેલું ખચ્ચર આંટા મારતું હતું. તેના ઉપર માટી રેતી વગેરે પડવા લાગ્યું વિચાર્યું કે આમને આમ તો હમણાં થોડીવારમાં માટી નીચે દટાઈ જઈશ, તેથી તેણે આત્મબળથી શરીર ઉપર જેવી માટી પડે એટલે ખંખેરી માટીની ઉપર ઉભું રહી જાય આમ જેમ જેમ માટી રેતી વગેરે પડતા ગયા તેમ તેમ ખચ્ચર દરેક ઘરની ઉપર ચડતું જાય. આમ ને આમ જ્યારે આખો  કૂવો બુરાય ગયો ત્યારે છેલ્લા થરની ઉપર માટી ખંખેરતુ ખચ્ચર ઉભું હતું અને જાણે કંઈ જ ન બન્યું હોય તેમ બુરાયેલા કુવા ઉપરથી ઉતરીને ખેડૂતની પાસે આવીને ઊભું રહી ગયું.

ગામના લોકો તથા પેલા ખેડૂતે આ ખચ્ચર પાસેથી મુશ્કેલીનો સામનો કેમ કરવો? તેની શિક્ષા મેળવી તેને ગુરુ તરીકે ઉદબોધિત કરવા લાગ્યા.

- મનહર જે. વૈષ્ણવ રાજકોટ
Mo. 98252 8 0142

*"There is nothing so confining as the prisons of our own perceptions."*
*~ William Shakespeare.*

## Happy Father's Day



બાપ એવા બેટા ને વડ એવા ટેટા.
સિંહ ઉછેરવા છે કે ચારવાં છે ઘેટાં?

પેમ્પરિંગ કરતા પિતાને હેપી ફાધર'સ ડે;
પ્રીપેર કરતા પિતાને પણ હેપી ફાધર'સ ડે.

પાણી માંગે તે પહેલાં થીક શેક હાજર કરીશું;
કે થાક માં શેકાય પછી જ થીક શેક આગળ ધરીશું?

જન્મ સાથે જ એ.સી. કલ્ચરમાં ઉછેરીશું;
કે કઠણ હૃદયે પરિશ્રમ થી પ્રસ્વેદ પડાવીશું?

વોલેટ અને પેટ્રોલ ટેંક ફુલ કરાવી કૈં નહીં પૂછીએ;
કે ખિસ્સામાં પ્રેમથી પીપર મુકી સાયકલે મોકલીએ?

જરૂર વગર બ્રાન્ડેડ વસ્તુઓ ખરીદીશું;
કે સંતાનોને ખુદ બ્રાંડ બનાવવા મથીશું?

એને શિસ્ત અને કષ્ટના પાઠ ભણાવીશું;
કે શિસ્ત નષ્ટ થાય તો પણ મૂંગા રહીશું?

નાના બાળકને મોબાઈલ આપતા નાસમજ પિતાને હેપી ફાધર'સ ડે;
નાના આંગણાંમાં મોજથી રમાડતા સમજદાર પિતાને હેપી ફાધર'સ ડે.



**Jignasu, GJ – 3, +91**
18 – 06 – 2023


## યોગ પ્રાણ વિદ્યા
હીલિંગ તથા મેડીટેશન પદ્ધતિ

### શું આપ આવી કોઈ બિમારીથી પીડાઓ છો?

- સ્ટ્રેસ અને ડિપ્રેશન
- મેદસ્વિતા
- સાંધાના દુઃખાવા
- દમ અથવા અસ્થમા
- રોગપ્રતિકારક શક્તિની કમી
- કિડનીની તકલીફો
- પેટની તકલીફો
- હૃદયની તકલીફો
- ખભા અને કમરના દુઃખાવા
- ગર્ભાશયને લગતી બિમારીઓ
- વેરિકોઝ વેઇન
- ડર અને ફોબિયા
- ઊંઘ ના આવવી
- આધાશીશી / માઇગ્રેન
- એલર્જી અને ઈન્ફેક્શન
- રીલેશનશીપની તકલીફો

**બધા જ રોગોના નામ લખવા અત્રે શક્ય નથી, પરંતુ આવા ઘણા પ્રકારના શારીરિક તથા માનસિક રોગો માટે યોગ પ્રાણ વિદ્યા (YPV) અસરકારક નિવડેલ છે.**

યોગ પ્રાણ વિદ્યા એ સ્પર્શ વગર અને દવા વગર સમગ્રપણે અપાતી સંકલિત પ્રણાલી છે, જેમાં પ્રાણ શક્તિનો ઉપયોગ કરીને બધા જ પ્રકારના શારીરિક તથા મનોદૈહિક રોગોનો ઉપચાર કરી શકાય છે. આ પ્રણાલી આયુર્વેદ, હોમિયોપથી અને એલોપથી જેવી બીજી પ્રણાલીઓની અવેજીમાં નથી. તે આ બધી પદ્ધતિઓને પૂરક રહીને કામ કરે છે જેથી શરીરની પોતાની જાતને સાજા કરવાની કુદરતી ક્ષમતામાં નોંધપાત્ર વધારો થાય છે.

**હીલિંગ શીખવા કે કરાવવા માટે સંપર્ક કરોઃ**

ધવલ ધોળકિયા +૯૧-૯૯૦૪૪૦૪૬૪૫
૨૦+ વર્ષના અનુભવી
મીના ધોળકિયા +૯૧-૯૯૨૫૪૬૦૦૪૬

www.ypvmeraki.com ypvmeraki@gmail.com
+91-9484668989 ypvmeraki YPV Meraki





Trend Reversal 🤣


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA
OR you can pay by using this QR code→

નોંધ : નીચે એડ્રેસ સ્લીપમાં આપેલો કાયમી ગ્રાહક નંબર નોંધી લેશો ને લવાજમ ભરો ત્યારે આ નં.લખશો તો અમને સરળતા રહેશે. /સ્લીપમાં સાથે જ આપનું લવાજમ પૂરૂં થવાના માસ/વર્ષ બતાવે છે.જની નોંધ પણ રાખશો. /આપનું લવાજમ મળતાં તે રીન્યુ કરતાં આપને પહોંચ તરીકે ઓટો જનરેટેડ SMS મળે છે. / નિયમિત અંક ન મળે તો અમને જાણ ને પોસ્ટમાં ફરિયાદ કરશો./સરનામામાં ફેરફારની તુરંત જાણ કરશો.—તંત્રી

**To subscribe visit :**
**barchhi.com**
**or contact :**
**9428700105**

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.